યોગસેવક શીશપાલે યોગનું મહત્વ સમજાવતા તેને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા માટે પ્રેરણા આપી હતી. યોગ અને સંતુલિત આહાર દ્વારા શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવવા તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત યોગ, આહાર, આરોગ્ય અને સફળ જીવનશૈલી અંગે વ્યવહારુ સૂચનો પણ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે ગોધરા સબ જેલ પ્રશાસન દ્વારા વેબિનારમાં જોડાયેલા તમામ મહાનુભાવો, યોગ બોર્ડની ટીમ તથા સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આણંદજી કલ્યાણજી પેઢીના નામે આસિ. મેનેજરે નાણાં પડાવ્યાનો આક્ષેપ

(એજન્સી) અમદાવાદ, જૈન શ્વેતાંબર દેરાસરો અને સંઘોમાંથી આવતી જીર્ણોદ્ધારની તથા જીનાલય નિર્માણની અરજીઓ તપાસીને ટ્રસ્ટી સમક્ષ મંજૂરી લઈને મંજૂર ગ્રાન્ટની રકમ સંઘોને મોકલવાની કામગીરી કરનાર શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આસીસ્ટન્ટ મેનેજરે પેઢીના નામે છેતરપીડી આચરી છે. પેઢીના આસીસ્ટન્ટ મેનેજરે ફાઈલો કલીયર કરાવવા પેંઢીના નામે નાણાં પડાવ્યાનો આક્ષેપ કરાયો હતો. નાણા પડાવ્યાનો આક્ષેપ કરાયો આ મામલે પાલડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પાલડીમાં રહેતા નૈમિષભાઈ શાહ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ધાર્મિક ટ્રસ્ટમાં જનરલ મેનેજર છે. પેઢીના અમદાવાદના જીણોદ્ધાર વિભાગમાં આસીસ્ટન્ટ મેનેજર તરીકે વર્ષ ૨૦૨૪થી કામ કરતા કેવીવન શાહ રહે. કડીને ચાલુ વર્ષે કાયમી કરવામાં આવ્યો હતો. કેવિન શાહ જૈન શ્વેતામ્બર દેરાસરો અને સંઘોમાંથી આવતી જીર્ણોદ્ધારની તથા જીનાલય નિર્માણની અરજીઓ તપાસીને ટ્રસ્ટી સમક્ષ મંજૂરી લઈને નોધ તૈયાર કરીને મંજૂર ગ્રાન્ટની રકમ સંઘોને મોકલવાની કામગીરી કરતો હતો.

મેયર હિતેશભાઈ બારોટની અધ્યક્ષતામાં અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬નો કર્ટન રેઈઝર કાર્યક્રમ યોજાયો

૨૪ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાશે ૯ દિવસીય અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬

(પ્રતિનિધિ) અમદાવાદ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ નિમિત્તે નેશનલ બુક ટ્રસ્ટ ના સહયોગથી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૬ના કાઉન્ટડાઉનની શરૂઆતના ભાગરૂપે આજે ટાગોર હોલ, પાલડી ખાતે કર્ટન રેઈઝર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨થી શરૂ થયેલી આ પુસ્તક મેળાની પ્રવૃત્તિ બાદ અમદાવાદ મહાનગરપાલિકા છેલ્લા ૧૪ વર્ષથી અવિરતપણે પુસ્તક મેળાનું આયોજન કરી રહી છે, જેમાં મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ આવે છે અને પોતાની પસંદગીનાં પુસ્તકો ખરીદે છે. તેમણે જણાવ્યું હતું કે પુસ્તક એવી વસ્તુ છે કે તેને વાંચ્યા બાદ તેની સ્મૃતિ લાંબા સમય સુધી રહે છે અને એક જ પુસ્તક ત્રણ વખત વાંચવામાં આવે તો તે હંમેશાં યાદ રહે છે. મોબાઈલના વધતા ઉપયોગ વચ્ચે ખાસ કરીને ત્રણ વર્ષનાં બાળકોને મોબાઈલથી દૂર રાખવાની જરૂરિયાત વ્યક્ત કરતાં તેમણે પરિવારોને વાંચનની ટેવ કેળવવા અપીલ કરી હતી. તેમના જણાવ્યા મુજબ દરેક ઘરમાં પુસ્તકો હોય છે, પરંતુ તેનો સદુપયોગ થાય અને વાંચનની ટેવ વિકસે તે જરૂરી છે. તેમણે ૨૪ કલાકમાંથી માત્ર ૩૦ મિનિટનો સમય પરિવાર સાથે પુસ્તક વાંચવા માટે ફાળવવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે દસમું અને બારમું ધોરણ સુધી અભ્યાસ દરમિયાન વાંચન માટે સમય આપવામાં આવે છે, પરંતુ ત્યારબાદ ભણતરનું સ્વરૂપ બદલાય છે. તેમ છતાં વાંચેલું જ્ઞાન પરિવાર, ઘર અને સમાજ માટે હંમેશાં ઉપયોગી રહે છે. રામાયણનાં વાક્યો વાંચ્યા બાદ કે ચલચિત્ર જોયા બાદ લાંબા સમય સુધી યાદ રહેવાનું ઉદાહરણ આપતાં તેમણે મોબાઈલ કરતાં પુસ્તકોમાંથી મળતું જ્ઞાન વધુ યાદ રહેતું હોવાનું જણાવ્યું હતું.

આ અવસરે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, અમદાવાદ ઈન્ટરનેશનલ બુકફેર આપણા શહેર માટે અત્યંત ગૌરવ અને મહત્વનો કાર્યક્રમ છે. વર્ષ ૨૦૧૨માં તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને હાલના દેશના માનનીય વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ પહેલ આજે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી છે. આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકોનો સ્ક્રીન ટાઈમ વધી રહ્યો છે અને વાંચન તથા વિચારની મૌલિકતા ઘટી રહી છે, ત્યારે પુસ્તકનું મહત્વ વધુ વધી જાય છે. પુસ્તક આપણો શ્રેષ્ઠ મિત્ર છે. તે આપણને જ્ઞાન, સકારાત્મકતા અને નવી વિચારસરણી આપે છે. સોશિયલ મીડિયાના યુગમાં સાચું અને વિશ્વસનીય જ્ઞાન મેળવવા માટે પુસ્તકો સાથેનું જોડાણ ખૂબ જરૂરી છે. આ બુકફેરનો હેતુ માત્ર પુસ્તકોનું વેચાણ કરવાનો નથી, પરંતુ અમદાવાદમાં વાંચનની સંસ્કૃતિને એક મોટા જનઅભિયાનનું સ્વરૂપ આપવાનો છે. શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને લાઈબ્રેરીઓ આ બુકફેરનો મહત્તમ લાભ લે તે માટે વિશેષ પ્રયાસ કરવામાં આવ્યા છે. બાળકો, યુવાનો, વડીલો અને પુસ્તકપ્રેમીઓ માટે વિવિધ કાર્યક્રમો સાથે સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટિવ આઈડિયાઝને પણ સ્થાન આપવામાં આવ્યું છે. નેશનલ બુક ટ્રસ્ટ, ફ્રેંકફર્ટ અને અન્ય સંસ્થાઓના સહયોગથી આ આયોજન થઈ રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માત્ર ઈંટ-કોંક્રીટની માળખાકીય સુવિધાઓ પૂરતું સીમિત નથી, પરંતુ શહેરની 'સોફ્ટ પાવર' અને નવી પેઢીના જ્ઞાનમાં પણ રોકાણ કરે છે. આપણા બાળકોને આપી શકાય તેવી સૌથી શ્રેષ્ઠ ભેટ એક સારું પુસ્તક છે.

નડિયાદ મનપાની લાલ આંખ, સંતરામ રોડ પર આવેલ સુપર બેકર્સ દુકાન-ગોડાઉન સીલ

(પ્રતિનિધિ) નડિયાદ, નડિયાદ સંતરામ રોડ પર આવેલ સુપર બેકર્સ નામની દુકાનમાં આજે મહાનગરપાલિકા ના સેનેટરી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા લેબલ લોગો અને ઉત્પાદન એક્સપાયેલી તારીખ વગરના ૫૦૦ થી વધુ પાઉંના પેકેટ મળી આવતા મનપા તંત્ર દ્વારા આ જથ્થો જપ્ત કરી સુપર બેકર્સ દુકાન અને તેની બાજુમાં આવેલ ગોડાઉનને સીલ કરી દેવામાં આવ્યું છે

મળતી માહિતી મુજબ નડિયાદ મહાનગરપાલિકાના સેનેટરી ચીફ ઈન્સ્પેક્ટર મયંક દેસાઈ અને તેમની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય ચીજવસ્તુઓના વેચાણ અને ઉત્પાદન એકમોની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન શહેરના સંતરામ રોડ પર આવેલ સુપર બેકર્સ નામની બેકરી આઈટમની દુકાન પર ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન સેનેટરી વિભાગની ટીમને દુકાનમાંથી મોટી સંખ્યામાં પાઉંના પેકેટો નિયમિત જરૂરી વિગતો વિના વેચાણ માટે તૈયાર રાખવામાં આવ્યા હોવાના મળી આવ્યા હતા સાથે ટીમ ની તપાસમાં પેકેટો પર ખાદ્ય પદાર્થ અંગેની જરૂરી ગુણવત્તા સંબંધિત માહિતી, લેબલિંગ, લોગો તથા સ્ટીકર ઉપરાંત ઉત્પાદન તારીખ અને એક્સપાયરી તારીખ જેવી મહત્વની વિગતો દર્શાવવામાં આવી ન હોવાનો સામે આવ્યું હતું જેના પગલે મનપાની સેનેટરી વિભાગની ટીમે આ પાઉંના પેકેટો શંકાસ્પદ જણાતા સ્થળ પરથી ૫૦૦થી વધુ પેકેટનો જથ્થો કબજે કરી લીધો હતો.

ટીમની તપાસમાં ખાદ્ય ચીજવસ્તુના પેકિંગ પર ગ્રાહકોને જરૂરી માહિતી મળી રહે તે માટેની વિગતો વિના પાઉંનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી બજારમાં વેચાણ માટે રાખવામાં આવ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. આ મામલે ઉપભોક્તા સુરક્ષા અને ખાદ્ય સુરક્ષાને લગતા નિયમોના ભંગની સ્થિતિ સામે આવતા મનપાની ટીમે સ્થળ પર જ કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ બાદ સુપર બેકર્સની સંબંધિત દુકાન તેમજ પાઉંનો જથ્થો રાખવામાં આવતું ગોડાઉન બંનેને સીલ કરી દેવામાં આવ્યા હતા. મનપાની અચાનક કાર્યવાહીને પગલે નિયમોનું પાલન કર્યા વિના ખાદ્ય ચીજવસ્તુઓનું ઉત્પાદન કે વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ADNOCએ માન્યતાપ્રાપ્ત વેન્ડર તરીકે મંગલમ્ વર્લ્ડવાઇડ લિમિટેડને પેનલમાં સામેલ કરી

અમદાવાદ, સંપૂર્ણ ઈન્ટિગ્રેટેડ સ્ટેનલેસ સ્ટીલ ઉત્પાદક મંગલમ્ વર્લ્ડવાઈડ લિમિટેડએ અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની સાથે માન્યતાપ્રાપ્ત વેન્ડર બનવા પોતાની નોંધણીની જાહેરાત કરી કરી હતી. સ્ઉન-ટ્યુબીકોરએ હવે છઙ્ઘર્દ્ગઝને ટ્યુબ સપ્લાય કરવા માટેની યોગ્યતા ધરાવતી પસંદ થયેલી આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે.

આ મંજૂરી આંતરરાષ્ટ્રીય ઊર્જા બજારોમાં સ્ઉન્ની કામગીરીને વધારે મજબૂત કરે છે અને કંપનીની ગુણવત્તાના કડક ધારાધારણોને પૂર્ણ કરવાની ક્ષમતાને માન્યતા આપે છે. આ માટે કંપનીને એની અત્યાધુનિક ઉત્પાદન ક્ષમતાઓનું પીઠબળ છે. આ માન્યતા MWLની આંતરરાષ્ટ્રીય બજારો માટે ભરોસાપાત્ર સ્ટેનલેસ સ્ટીલના વિવિધ સોલ્યુશન પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાને વધારે મજબૂત કરે છે.

ચાલુ નાણાકીય વર્ષની શરૂઆતમાં MWLને કતર એનર્જી, BHEL, EIL અને GSFC જેવી મોટી આંતરરાષ્ટ્રીય અને ભારતીય કંપનીઓ પાસેથી આ જ પ્રકારની માન્યતા મળી હતી, જેથી સ્ટેનલેસ સ્ટીલ ઉત્પાદકને આંતરરાષ્ટ્રીય ઓઈલ અને ગેસની પુરવઠાની સાંકળ સુધી પહોંચ મળી હતી અને સાથે સાથે ભારતના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિફાઈનરી પેટ્રોકેમિકલ સેક્ટર વગેરેમાં એની કામગીરી સ્થાપિત થઈ હતી.

હિંમતનગરના વિદ્યાર્થી શિવાય ચૌહાણને મેરિટ એવોર્ડ

હિંમતનગર, હિંમતનગર મુંબઈ ખાતે UCMAS દ્વારા નેશનલ કક્ષાની અબેકસ સ્પર્ધામાં હિંમતનગરની ફેઈથ હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ-૪માં અભ્યાસ



કરતા તથા શુભ ટેનામેન્ટમાં રહેતા શિવાય નકુલ ચૌહાણે ઈ૨ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી મેરિટ એવોર્ડ મેળવ્યો હતો. રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સફળતા મેળવી શિવાય ચૌહાણે પરિવાર, સમાજ તેમજ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપનીની ગુજરાતમાં રોકાણકારોને જાગૃત કરવા 'નિવેશ બસ યાત્રા'

અમદાવાદ, ભારતની બીજી સૌથી જૂની મ્યુચ્યુઅલ ફંડ કંપની કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની (કેનેરા રોબેકો મ્યુચ્યુઅલ ફંડની ઈન્વેસ્ટમેન્ટ મેનેજર કંપની)એ ગુજરાતમાં 'નિવેશ બસ યાત્રા'ની શરૂઆત કરી દીધી છે, જેનો ઉદ્દેશ રોકાણકારોને જાગૃત કરવાનો અને મ્યુચ્યુઅલ ફંડ રોકાણ વિશે જાગૃતિ લાવવાનો છે.

કંપની આ પહેલ મારફતે મુખ્યત્વે ગાંધીનગર-અમદાવાદ અને ગુજરાતના મુખ્ય શહેરો તથા એની આસપાસના વિસ્તારોમાં વસતાં નાગરિકોમાં મ્યુચ્યુઅલ ફંડ વિશે રોકાણ કરવા તેમને નાણાકીય જાણકારી આપવા અને જાગૃતિ વધારવા આતુર છે. આ બસે અમદાવાદથી પોતાની સફરની શરૂઆત કરી છે અને ત્યારબાદ રાજકોટ, જામનગર, ભાવનગર, વડોદરા અને સુરતની મુલાકાત લેશે, જ્યાં તમામ શહેરોના મુખ્ય વિસ્તારોમાં સમુદાયો સાથે જોડાણ કરીને તેમને મ્યુચ્યુઅલ ફંડ વિશે વિવિધ જાણકારી આપવામાં આવશે.

આ વિશે કેનેરા રોબેકો AMCના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રજનીશ નરુલાએ કહ્યું હતું કે, "અત્યારે નાણાકીય અને ધિરાણની પૃષ્ઠભૂમિ બદલાઈ રહી છે. તેમાં જેટલી સમજણ જરૂરી છે, એટલી જ જરૂર જાણકારીની છે. સુમાહિતગાર રોકાણકાર પોતાના માટે શ્રેષ્ઠ નિર્ણયો લે છે અને સાથે સાથે મજબૂત ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમ ઊભી કરવામાં પણ પ્રદાન આપે છે.

આઈસ મેક રેફ્રિજરેશન લિમિટેડ

CIN: L29220GJ2009PLC056482

રજી. ઓફિસ : બી - ૧, ગ્રાઉન્ડ ફ્લોર, વાસુ પૂજ્ય ચેમ્બર્સ, નવદીપ બિલ્ડીંગ પાસે, ઈન્કમટેક્સ, ચારરસ્તા, આશ્રમરોડ, અમદાવાદ– ૩૮૦૦૦૯, ગુજરાત, ભારત ફોન:૯૮૭૯૧૦૭૮૮૧ ઈમેલ:info@icemakeindia.com, વેબસાઈટ: www.icemakeindia.com

૧૭મી વાર્ષિક સામાન્ય સભા અને ઈ-વોટિંગ અંગે નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીના સભ્યોની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (VC)/ અન્ય ઓડિયો વિડિયો માધ્યમ (OAVM) દ્વારા ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૬ની AGM ની જાણ કરતી નોટિસમાં જણાવેલ કામકાજ સારું કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી પરિપત્ર ૦૩/૨૦૨૫ તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૫ તેમજ પરિપત્ર ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ માં દર્શાવેલી જરુરીયાત મુજબ કોઈપણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના AGM ની નોટિસમાં દર્શાવેલ કામકાજ સારુ મળશે.

ઉપરોક્ત પરિપત્ર અનુસાર કંપની અને/અથવા ડિપોઝિટરીમાં જેમના ઈમેઈલ નોંધાયેલ છે તેવા જ સભ્યોને કંપનીએ AGMની નોટિસ સાથે વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ઈમેઈલ દ્વારા મોકલ્યો છે. AGMની નોટિસ સાથે કંપનીનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ https://www.icemakeindia.com/ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડની વેબસાઈટ www.evotingindia.com પર અને NSE લિમિટેડની વેબસાઈટ https://www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

આથી એવી પણ નોટીસ આપવામાં આવે છે કે સેબીના લીસ્ટીંગ નિયમોના નિયમ ૪૨ મુજબ કંપનીના બોર્ડે અંતિમ ડિવિડન્ડ પ્રાપ્ત કરવા માટે અધિકૃત શેરધારકોને નિર્ધારિત કરવા માટે **૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૬** ને રેકોર્ડ તારીખ તરીકે નિર્ધારિત કરી છે.

કંપનીધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ તથા કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૨૦ તેમજ સેબી (એલઓડીઆર) નિયમો, ૨૦૧૫ ના નિયમ ૪૪ અન્વયે કંપની તેના સભ્યોને નોટિસમાં જણાવેલ ઠરાવો ઉપર મત આપવા માટે 'રિમોટ ઈ-વોટિંગ' અને AGM સમયે 'ઈ-વોટિંગ' ની સુવિધાઓ આપે છે. કંપની ધારા, ૨૦૧૩ અને તેના અંતર્ગત ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓ અનુસાર જરૂરી વિગતો અહીં નીચે જણાવેલ છે:

૧.	AGM ની નોટિસ ફક્ત ઈમેઈલ દ્વારા મોકલવાની કામગીરી પૂર્ણ કર્યાની તારીખ	૮મી સપ્ટેમ્બર, ૨૦૨૬
૨.	રિમોટ ઈ-વોટિંગના પ્રારંભની તારીખ અને સમય	૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬, સવારે ૯.૦૦ વાગે
૩.	રિમોટ ઈ-વોટિંગના સમાપનની તારીખ અને સમય	૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગે
૪.	રિમોટ ઈ-વોટિંગના અને ડિવિડન્ડનો હક્ક નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ	૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૬
૫.	કંપની દ્વારા AGMની નોટિસ ઈમેઈલ કર્યા પછી કંપનીના શેર હસ્તગત કર્યા હોય અને કંપનીના સભ્યો બન્યા હોય તેમજ કટ-ઓફ તારીખ સુધીમાં ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા સ્ટેટમેન્ટ ઓફ બેનેફિશિયલ ઓનર્સ/ કંપનીના સભ્યોના રજિસ્ટરમાં નામ ધરાવતા હોય તેવી વ્યક્તિ AGMની નોટિસમાં દર્શાવેલી પ્રક્રિયા બાદ રિમોટ ઈ-વોટિંગ પદ્ધતિ દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભ્યોએ પોતાના બેંક ખાતાની વિગતો (ડિવિડન્ડમાટે) અને ઈ-મેલ અઈડી કંપની/ ડિપોઝિટરી પાસે નોંધાવેલ નહી,તેઓએ પોતાના બેંક ખાતાની વિગતો (ડિવિડન્ડમાટે) તથા ઈ-મેલ અઈડી વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઇન વિગતો માટે નોંધાવાની રહેશે.	
૬.	રિમોટ ઈ-વોટિંગ કરી શકશે નહીં	૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા પછી
૭.	AGM (VC/OAVM) દરમિયાન ઠરાવો પર ઈ-મત આપવાની રીત	AGM દરમિયાન ઈ-વોટિંગની સુવિધા મળશે. જે સભ્યોએ AGM પહેલા રિમોટ ઈ-વોટિંગ દ્વારા પહેલાથી જ પોતાનો મત આપ્યો છે તે VC/OAVM દ્વારા AGM માં હાજર રહી શકશે, પરંતુ AGMમાં ફરીથી ઈ-મત આપવા માટે હકદાર રહેશે નહીં.
૮.	ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (ઈ-મત) અને VC/ OAVM પ્લેટફોર્મ પ્રદાતા	સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ www.evotingindia.com
૯.	રિમોટ ઈ-વોટિંગ (ઈ-મત) અંગે ફરિયાદ નિવારવા જવાબદાર વ્યક્તિની સંપર્ક વિગતો	શ્રી રાકેશ દલવી, મેનેજર સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ ૩૪/૩૫મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુચરએક્સ, મફતલાલ મિલ્સ કંપાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઇ), મુંબઈ – ૪૦૦ ૦૧૩ ઈ મેઈલ આઈડી -helpdesk.evoting@cdslindia.com ફોન નંબર – ૧૮૦૦૨૧૦૯૯૧૧

બોર્ડના હુકમથી
આઈસમેક રેફ્રિજરેશન લિમીટેડ વતી,
મંદાર દેસાઈ
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : અમદાવાદ
તારીખ : ૮મી સપ્ટેમ્બર, ૨૦૨૬

GUJARAT CREDIT CORPORATION LIMITED

CIN : L72900GJ1993PLC020564

Registered Office : F-A-115, Siddhi Vinayak Towers, B/h. DCP Office, Off S.G. Highway, Makarba Ahmedabad, Gujarat, India, 380051. Website : www.gccl.co.in, Email : gujaratcredit@gmail.com

NOTICE OF 33RD ANNUAL GENERAL MEETING TO BE HELD AT REGISTERED OFFICE OF THE COMPANY AND BOOK CLOSURE

NOTICE is hereby given that the 33rd Annual General Meeting ('AGM') of the members of GUJARAT CREDIT CORPORATION LIMITED will be held on Wednesday, September 30th, 2026 at 12:30 p.m. (IST) at registered office of the Company situated at A-115, Siddhi Vinayak Towers, B/H. DCP Office, Off S.G. Highway, Makarba, Ahmedabad, Gujarat, India, 380051 to transact the business as set forth in the Notice of the Annual General Meeting.

In Compliance with MCA Circulars and SEBI Circulars, the Notice of the 33rd AGM along with the Annual Report (F.Y. 2025-26) has been sent on September 07th, 2026 through electronic mode only to those Members whose e-mail addresses are registered with the Company or Registrar & Transfer Agent and Depositories.

The Annual Report for financial year 2025-2026 containing the Notice of AGM is available on the company's website at www.gccl.co.in. The Notice convening the AGM is also available on the websites of Central Depository Services (India) Limited (CDSL) at www.evotingindia.com and BSE Limited at www.bseindia.com.

The Company is pleased to provide remote e-voting facility to all its members to enable them to cast their vote on all matters listed in the said Notice before as well as during the AGM in respect of the business to be transacted at the AGM and for this purpose, the Company has appointed CDSL for facilitating voting through electronic means.

The details regarding the e-voting facility is provided below :

a. The remote e-voting facility would be available during the following period :

Cut-off date for determining the Members entitled to vote	Wednesday, 23rd September, 2026
Commencement of e-voting period	Sunday, 27th September, 2026 at 9:00 a.m. (IST)
End of e-voting period	Tuesday, 29th September 2026 at 5:00 p.m. (IST)

The e-voting will be disabled by CDSL after 5:00 p.m. on Tuesday, 29th September, 2026 and the Members shall not be allowed to vote beyond the said date and time.

b. The voting rights of the Members shall be in proportion to their share of the paid-up equity share capital of the Company as on Wednesday, 23rd September, 2026 ('Cut-Off Date'). The facility of e-voting will also be made available during the AGM and the Members attending the AGM, who have not cast their vote through remote e-voting shall be eligible to exercise their right during the Meeting. A person whose name is recorded in the Register of Members / Register of Beneficial Owners as on the Cut-Off Date only shall be entitled to avail the facility of remote e-voting or e- voting at the AGM;

c. Any person who acquires shares of the Company and becomes a Member of the Company after the dispatch of the Notice and holds shares as on the Cut-Off Date, may obtain the login-id and password for remote e-Voting by sending a request at helpdesk.evoting@cdslindia.com , as provided by CDSL.

d. Members who have cast their vote by remote e-Voting prior to the AGM may also attend the AGM electronically, but shall not be entitled to vote again.

Process for those shareholders whose email addresses are not registered with the depositories for obtaining login credentials for evoting for the resolutions proposed in this notice

1. For Physical shareholders please provide necessary details like Folio No., Name of shareholder, scanned copy of the share certificate (front and back), PAN (self-attested scanned copy of PAN card), AADHAR (self-attested scanned copy of Aadhar Card) by email to gujaratcredit@gmail.com.
2. For Demat shareholders, please provide Demat account details (CDSL-16 digit beneficiary ID or NSDL-16 digit DPID + CLID), Name, client master or copy of Consolidated Account statement, PAN (self-attested scanned copy of PAN card), AADHAR (Self attested scanned copy of Aadhar Card) to gujaratcredit@gmail.com.

Further Notice is hereby given that pursuant to Section 91 of the Companies Act, 2013 and Regulation 42 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 the Register of Members and Share Transfer Books will remain closed from Thursday, 24th September, 2026 to Wednesday, 30th September, 2026 (both days inclusive).

Members are requested to carefully read all the Notes which are set out in the Notice of the AGM and instructions for joining the AGM, manner of casting votes through remote e-voting during AGM.

If you have any queries or issues regarding attending AGM & e-Voting from the CDSL e-Voting System, you can write an email to helpdesk.evoting@cdslindia.com or contact at 022-23058738 and 022-23058542/43.

By order of the Board of Directors
For, Gujarat Credit Corporation Limited
Amam Shreyans Shah
Managing Director
DIN : 01617245

Place : Ahmedabad
Date : 07th September, 2026

અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ

રજી ઓફિસ: ૯૦૩, ૯મો માળ, વિનસ બેનેસીઆ, પકવાન રેસ્ટોરેન્ટ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, બોડકદેવ, અમદાવાદ, ૩૮૦૦૫૪ CIN: L24110GJ1993PLC019941
Website: www. architorg.com Email: share@architorg.com Tele: 079-40082447

નોટીસ

આથી સૂચના આપવામાં આવે છે કે અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યે વિડિઓ કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઑડિઓ વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓ અનુસાર અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા ૫ મે ૨૦૨૦ ના પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને ૦૩/૨૦૨૫ ના ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને સમય સમય પર જારી કરાયેલા અન્ય તમામ સંબંધિત પરિપત્રો (સામૂહિક રીતે 'પરિપત્રો' તરીકે ઓળખાય છે) અને સંબંધિત SEBI પરિપત્રોના પાલનમાં યોજાશે, જેથી AGM બોલાવતી સૂચનામાં દર્શાવેલ વ્યવસાયો એક સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના વ્યવહાર કરી શકાય.

ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીની ૩૩મી વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલની સૂચના ઇલેક્ટ્રોનિક માધ્યમથી ફક્ત તે સભ્યોને મોકલવામાં આવી છે જેમણે ડિપોઝિટરીઝ અથવા કંપની સાથે પોતાનો ઈ-મેલ આઈડી નોંધાવ્યો છે. વાર્ષિક અહેવાલની વેબલિંક આપતો પત્ર એવા શેરધારકોને પણ મોકલવામાં આવશે જેમણે કંપની અથવા ડિપોઝિટરીઝ સાથે પોતાનો ઈ-મેલ આઈડી નોંધાવ્યો નથી. ૩૩મી વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ની સૂચના કંપનીની વેબસાઇટ www.architorg.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ https://www.bseindia.com/ અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

ઈ-વોટિંગ માટેની સૂચનાઓ:

કંપનીએ તેના સભ્યોને કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ અને તેના હેઠળ બનાવેલા સંબંધિત નિયમો અને સેબી (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન - ૪૪ ની જોગવાઈઓનું પાલન કરીને રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી છે. કંપનીએ તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે NSDL ને અધિકૃત એજન્સી તરીકે નિયુક્ત કર્યા છે.

ઈલેક્ટ્રોનિક વોટિંગ દ્વારા મતદાન કરવાની પાત્રતા નક્કી કરવાની અંતિમ તારીખ બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. રિમોટ ઈ-વોટિંગ સુવિધા ત્રણ (૩) દિવસ માટે ખુલ્લી રહેશે, જે રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે અને મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે, બધા સભ્યો માટે, ભલે ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા હોય કે ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા ઉપરોક્ત તારીખ અને સમય પછી માન્ય રહેશે નહીં. જે સભ્યો VC/OAVM સુવિધા દ્વારા AGM માં હાજરી આપે છે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર મતદાન કર્યું નથી અને અન્યથા તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા નથી, તેઓ AGM દરમિયાન મતદાન સુવિધા દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે.

સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવાના તેમના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ સભામાં ભાગ લઈ શકે છે પરંતુ સભા દરમિયાન ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા અને AGM દરમિયાન મતદાન માટેની વિગતવાર સૂચનાઓ AGM ની સૂચનાનો ભાગ છે.

કોઈપણ વ્યક્તિ જે નોટિસ મોકલ્યા પછી શેર ખરીદે છે અને કંપનીનો શેરધારક બને છે અને કટ-ઓફ તારીખ સુધી શેર ધરાવતો હોય છે, તેઓ AGM ની સૂચનામાં આપેલી સૂચનાઓ અને ઈ-વોટિંગ પ્રક્રિયાને અનુસરીને પોતાનો મત આપી શકે છે.

જે સભ્યોના ઈ-મેલ આઈડી ડિપોઝિટરીઓ અથવા કંપનીમાં ઈ-વોટિંગ માટે લોગિન ઓળખપત્ર મેળવવા માટેની પ્રક્રિયા.

ભૌતિક સ્થિતિમાં શેર ધરાવતા સભ્યો share@architorg.com પર ઈ-મેલ દ્વારા નામ, ફોલિયો નંબર, PAN અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલો જેવી જરૂરી વિગતો આપીને લોગિન ઓળખપત્રની વિનંતી કરી શકે છે.

* DEMAT સ્થિતિમાં શેર ધરાવતા સભ્ય DEMAT ખાતાની વિગતો, સભ્યનું નામ, ક્લાયન્ટ માસ્ટર, PAN અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલો share@architorg.com પર ઈ-મેલ દ્વારા આપીને લોગિન ઓળખપત્રની વિનંતી કરી શકે છે.
* વૈકલ્પિક રીતે, શેરધારકો ઉપરોક્ત દસ્તાવેજો પ્રદાન કરીને ઈ-વોટિંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકે છે.

જે સભ્યોએ પોતાનો ઈ-મેલ આઈડી રજિસ્ટર કરાવ્યો નથી તેમને કંપની તરફથી ઈ-સંદેશાવ્યવહાર પ્રાપ્ત કરવા માટે નીચે દર્શાવેલ પ્રક્રિયાને અનુસરીને તેનું રજિસ્ટર કરાવવા વિનંતી છે:

* ભૌતિક સ્થિતિમાં શેર ધરાવતા સભ્યોને તેમના ઈ-મેલ સરનામાં રજિસ્ટર કરવા માટે ફોલિયો નંબર, સભ્યનું નામ અને PAN કાર્ડ અને આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ જેવી જરૂરી વિગતો સાથે share@architorg.com પર ઈ-મેલ મોકલવા વિનંતી છે.
* ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યોને વિનંતી છે કે તેઓ ઈ-મેલ સરનામાં રજિસ્ટર કરાવવા માટે તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીનો સંપર્ક કરે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ) અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા 022 - 4886 7000 અને 022 - 2499 7000 પર ફોન કરી શકો છો અથવા શ્રીમતી પલ્લવી મ્હાત્રે સિનિયર મેનેજર, NSDL, સરનામું: ટ્રેડ વર્લ્ડ, અવિંગ, ચોથો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ - 400013 ઈ-મેલ આઈડી: evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકો છો.

બુક ક્લોઝર

કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ ની જોગવાઈઓ અનુસાર, જે કંપની (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૧૦ સાથે વાંચવામાં આવે છે, સભ્યોનું રજિસ્ટર અને કંપનીના શેર ટ્રાન્સફર બુક ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ થી મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે. જો સભ્યો દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં ડિવિડન્ડ જાહેર કરવામાં આવે તો, તે સ્રોત પર આવકવેરા ('ટીડીએસ')ની કપાતને આધીન ચૂકવવામાં આવશે, જ્યાં લાગુ પડે ત્યાં નીચે મુજબ:

બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દિવસના અંતે તમામ લાભાર્થી માલિકોને ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખેલા શેરના સંદર્ભમાં નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટેડ દ્વારા આપવામાં આવનાર લાભાર્થી માલિકોની યાદી મુજબ;અને

૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬, બુધવારના રોજ અથવા તે પહેલાં કંપની/રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને કાર્યકારી કલાકો પૂરા થયા પછી માન્ય ટ્રાન્સમિશન અને ટ્રાન્સપોઝિશનને અમલમાં મૂક્યા પછી ભૌતિક સ્વરૂપમાં રાખેલા શેરના સંદર્ભમાં બધા સભ્યોને.

સભ્યોને વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં દર્શાવેલ બધી નોંધો અને ખાસ કરીને વાર્ષિક સામાન્ય સભામાં જોડાવા માટેની સૂચનાઓ, વાર્ષિક સામાન્ય સભામાં મતદાન કરવાની રીત કાળજીપૂર્વક વાંચવા વિનંતી છે.

ભૌતિક શેરના ટ્રાન્સફર વિનંતીઓના પુનઃલોજ માટે ખાસ વિન્ડો –

સેબીના પરિપત્ર ક્રમાંક HO/૩૮/૧૩/૧૧(૨) ૨૦૨૬-MIRSD-POD/I/૩૭૫૦/૨૦૨૬ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ અનુસાર, કંપનીના શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે ૦૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં વેચાયેલા/ખરીદેલા ભૌતિક શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઈઝેશન માટે એક ખાસ વિન્ડો ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી એક વર્ષના સમયગાળા માટે ખુલ્લી છે. આ ખાસ વિન્ડો ફક્ત એવા ટ્રાન્સફર ડીડના પુનઃલોજ માટે ખુલ્લી છે જે ૧ એપ્રિલ, ૨૦૧૯ ની અંતિમ તારીખ પહેલાં દાખલ કરવામાં આવ્યા હતા અને દસ્તાવેજો/પ્રક્રિયામાં ખામીને કારણે નકારવામાં આવ્યા હતા/પરત કરવામાં આવ્યા હતા/અથવા અન્યથા ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ટ્રાન્સફર માટે ફરીથી લોજ કરાયેલા શેર ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઇન હેઠળ ફક્ત ડીમેટ મોડમાં જારી કરવામાં આવશે. ઉપરોક્ત લોક-ઇન સમયગાળા દરમિયાન આવા શેર ટ્રાન્સફર/લીન-માર્ક/ગીરવે મૂકવામાં આવશે નહીં. વિવાદિત કેસો અને IEPF ટ્રાન્સફર કરાયેલા શેરને પ્રક્રિયા માટે આ વિંડો હેઠળ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સંબંધિત શેરધારકો ટ્રાન્સફર વિનંતીઓને ફરીથી લોજ કરવા માટે રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA), MUFG ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (અગાઉ લિંક ઇન્ટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતું), C-૧૦૧, એમ્બેસી ૨૪૭, L B S માર્ગ, વિક્રોલી, મુંબઈ (પશ્ચિમ) -૪૦૦૦૮૩, સંપર્ક નંબર ૦૨૨ - ૪૯૧૮ ૬૦૦૦, ઇમેઇલ આઈડી: mumbai@in.mpms.mufg.com ને શેર ટ્રાન્સફર ડીડ અને મૂળ શેર પ્રમાણપત્ર(ઓ) સાથે તમામ જરૂરી દસ્તાવેજો, બધી રીતે યોગ્ય રીતે પૂર્ણ કરીને સબમિટ કરી શકે છે.

અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ
વતી,
કંદર્પ કે. અમીન
ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર (ડીન: ૦૦૦૩૮૯૭૨)

તારીખ: ૦૮.૦૯.૨૦૨૬
સ્થળ: અમદાવાદ